# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-08-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## P.M-ગુજરાત પ્રવાસ આજે:

ગુજરાતના બે દિવસીય પ્રવાસના આજે બીજા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમદાવાદના હાંસલપુરમાં સુઝુકી મોટર પ્લાન્ટ ખાતે બે ઐતિહાસિક સીમાચિહ્નોનું ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી સુઝુકીના પ્રથમ વૈશ્વિક વ્યૂહાત્મક બેટરી ઇલેક્ટ્રિક વાહન "e Vitara"ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. ભારતમાં ઉત્પાદિત આ વાહનોની  યુરોપ અને જાપાન જેવા અદ્યતન બજારો સહિત 100થી વધુ દેશોમાં નિકાસ કરાશે. આ સિદ્ધિ સાથે, ભારત હવે સુઝુકીના ઇલેક્ટ્રિક વાહનો માટે વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સેવા આપશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

શ્રી મોદી TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનની શરૂઆત સાથે ભારતના બેટરી ઇકોસિસ્ટમના આગામી તબક્કાનું ઉદ્ઘાટન પણ કરશે. આ પ્લાન્ટ સ્થાનિક ઉત્પાદન અને સ્વચ્છ ઉર્જા નવીનતાને વેગ આપશે. જેનાથી 80 ટકાથી વધુ બેટરીઓ હવે ભારતમાં બનાવાશે.

-----------------------------------------------------------------------------------------------

## P.M ગુજરાત પ્રવાસ ગઈકાલે:

બે દિવસીય ગુજરાત પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે  અમદાવાદ ખાતે જાહેર સભાને  સંબોધતા કહ્યુ કે ટૂંક સમયમાં જી એસ ટીમાં ફેરફારો અમલમાં લાવીને દિવાળી પહેલા મોટી ભેટ નાગરીકોને અપાશે. તેમણે જી એસ ટી સુધારાથી વેપારી, નાના ઉદ્યોગકારો

અને સામાન્ય લોકોને મોટો ફાયદો થશે તેમ પણ કહ્યું હતું.. તેમણે કહ્યું હતું કે શહેરી ગરીબોનું જીવન સરળ બનાવવાની સરકારની ટોચની પ્રાથમિકતા છે

ખેડૂતો, પશુપાલકો અને લઘુ ઉદ્યમીઓનું હિત દેશ માટે સર્વોપરી હોવાનું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.ગઈકાલે અમદાવાદમાં પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી મોદીએ ખેડૂતોને ખાત્રી આપતાં કહ્યું હતું કે કોઈ પણ પ્રકારના દબાણમાં ભારત ખેડૂતોનું અહિત નહીં થવા દે.

---------------------------------------------------------------------------------------------

## તરણેતરનો મેળો:

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે આજથી તરણેતરના ભાતીગળ લોકમેળાનો શુભારંભ થશે.

પાંચાળની પુરાતન લોકસંસ્કૃતિને ઉજાગર કરતો, આ મેળો ભાદરવા સુદ ત્રીજ થી છઠ સુધી ૨૯ ઓગસ્ટ સુધી યોજાનાર છે.

આજે પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા ત્રિનેત્રેશ્વર મહાદેવનું કેવડાથી પૂજન અર્ચન અને જલાભિષેક કરશે. ત્યારબાદ મેળામાં દ્વિતીય ગ્રામીણ પારંપરિક સાંસ્કૃતિક સ્પર્ધા, પશુ પ્રદર્શન હરીફાઈ, ૨૦મી ગ્રામીણ ઓલિમ્પિકનું ઉદ્દઘાટન કરવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તારીખ ૨૮ ઓગસ્ટે મેળામાં વિશેષ હાજરી આપશે

ભાદરવા સુદ છઠ તારીખ ૨૯ ઓગસ્ટના રોજ સવારે ગંગા વિદાય આરતી અને ધ્વજારોહણ કાર્યક્રમ બાદ મેળાની પૂર્ણાહુતિ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## લખપત-કલરવાંઢ પ્રાથમિક શાળા-વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડ:

લખપત તાલુકાની કલરવાંઢ પ્રાથમિક શાળાએ પર્યાવરણ સંરક્ષણ માટે અનોખી પહેલ કરી. પર્યાવરણ જાગૃતી માટે વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યુ હતું. રાજયની કુલ

121 શાળામાંથી કચ્છની 7 શાળાઓ પૈકી માત્ર કલરવાંઢ પ્રાથમિક શાળાએ આ સિધ્ધિ મેળવી છે. આ શાળાના વિધાર્થીઓએ અંદાજે 3 હજારથી વધુ પ્લાસ્ટિક બોટલ અને થેલીઓ એકઠી કરી હતી તો ગામના લોકોને પણ પ્લાસ્ટીક કચરો ગમે ત્યા ન ફેંકવા જાગૃત કર્યા હતા. તથા બે હજાર વૃક્ષોનું વાવેતર કર્યુ હતું.પ્રાથમિક શાળાના વિધાર્થીઓ દ્વારા સમાજ માટે કરાયેલી આ પ્રેરણાદાયી કાર્ય બદલ સમગ્ર રાજ્યમાંથી અભિનંદન મળી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન :

કચ્છમાં જન્માષ્ટમીના પર્વથી શરૂ થયેલો મેઘસવારીનો દોર સતત નવ દિવસ સુધી જારી રહ્યા બાદ ગઈકાલે જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી વિરામની સ્થિતિ જોવા મળી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહ દરમિયાન હળવો-મધ્યમ વરસાદ વરસતો રહેવાની આગાહી કરવામાં આવી છે. જો કે, અગાઉ અપાયેલી ભારે વરસાદની ચેતવણી હાલતુરત પાછી ખેંચી લેવામાં આવી છે. ભાદરવાના આરંભે રસ્તા ભીંજાય તેવા છાંટા ભુજ સહિતના વિસ્તારમાં સવારના ભાગે વરસ્યા હતા, પણ જિલ્લા કન્ટ્રોલરૂમમાં સાંજ સુધી એક પણ સ્થળે વરસાદની સત્તાવાર નોંધ થઈ નહોતી. દરમિયાન અંજાર તાલુકામાં આવેલો મધ્યમ સિંચાઈ યોજનાનો ટપ્પર ડેમ 70 ટકા જેટલો ભરાઈ જતાં સિંચાઈ વિભાગ દ્વારા તેને એલર્ટ પર મૂકવામાં આવ્યો છે. પવનની ગતિ વધુ રહેવા સાથે મહત્તમ પારો 30 ડિગ્રી આસપાસ રહેતાં વહેલી પરોઢના સમયે વાતાવરણમાં શીતળતા, તો બપોરના સમયે આંશિક ઉકળાટની અનુભૂતિ થઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## કોમનવેલ્થ ગેમ્સ:

ટોક્યો ઓલિમ્પિકમાં રજત ચંદ્રક વિજેતા ખેલાડી મીરાબાઈ ચાનુએ ગઈકાલે અમદાવાદમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં કુલ ૧૯૩ કિલો વજન શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે.

વરિષ્ઠ મહિલા - 48 કિલોગ્રામ કેટેગરીમાં મીરાબાઈ ચાનુએ 3 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ સર્જ્યાં છે.

આ ચેમ્પિયનશિપમાં દેશનાં ખેલાડીઓએ વિક્રમ સર્જક પ્રદર્શન કર્યું છે. સ્પર્ધાના પહેલે દિવસે - 44 કિલોગ્રામ કેટેગરીમાં પ્રીતિ સ્મિતા ભોઈએ 150 કિલોગ્રામ વજન ઉચંકીને 2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ કર્યાં છે.

જ્યારે જુનિયર મહિલા-૪૮ કિલોગ્રામ કેટેગરીમાં સૌમ્યા દલવીએ કુલ- 177 કિલોગ્રામ વજન સાથે-2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ બનાવ્યાં હતા.

---